શોજી. PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૪/કવા–૦૧/૧૮–૧૯/ 8291-10 તા. 01 SEP 2018

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રતનબેન ભુટાભાઈ સાવલિયા,
ગામ: વાડોદર
તા.ધોરાજી
જી: રાજકોટ – 360410
મો: ૯૪૦૯૪ ૩૫૧૬૯

**વિષય :–શેઢા પર વીજલાઈન ઉભી કરવા બાબતેની વાંધા અરજી**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૪/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ધોરાજી

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૮૪/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રતનબેન ભુટાભાઈ સાવલિયા, ગામ: વાડોદર

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર હસમુખભાઈ ભુટાભાઈ સાવલિયાહાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ઘોરાજી)

રજુઆત કરનાર :જે.એ.ગોસાઈ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ઘોરાજી

## : હુકમ :

ફરીયાદ : શેઢા પર વીજલાઈન ઉભી કરવા બાબતેની વાંધા અરજી

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતરમાથી ૧૧ કેવી મહાદેવ ખેતીવાડી ફીડર પસાર થાય છે. જેની એલ.ટી.લાઈન ને ૧૧ કેવી લાઈન મા ફેરવવા અંગે – સર્વે કરાયેલ – જેમા જે તે અધિકારીને પોલ ને શેઢા ઉપર નાખવા જણાવેલ હતુ. પરંતુ, હાલ ના તબ્બકે, તેઓના સર્વે નંબર: ૧૩૩ / ૫ અને સર્વે નંબર: ૧૩૩/૩ પૈકી ૧ બન્ને મા હાલ પોલ ઉભા છે, જેથી સાવલીયા જયંતિભાઈ ભગવાનજીભાઈ નુ નવા વીજજોડાણ માટે ના પોલ તેઓના શેઢા ઉપર મુકવામા આવે તો કોઈ વાંધા અરજી નથી, જે બાબતે અરજદારે તેઓના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ – સ્થળ : રાજકોટ માં અરજદાર શ્રી દ્વારા ફોરમ કમિટી સમક્ષ જણાવેલ કે – પીજીવીસીએલ ની લેખીત રજુઆત મુજબ – વિક્લ્પ–૨ મુજબ કેનાલ ની બાજુમાથી વીજલાઈન આપવા માટે ફરીયાદી અરજદાર સહમત હોય – તેમજ સદર કામ હૈયાત પાક ની સીઝન પુરી થાય – તે મુજબ ની વિનંતી કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રીમતી રતનબેન ભુટાભાઈ સાવલીયા દ્વારા ઉપરોક્ત મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની રજુઆત મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ શેઢા પર વીજ લાઈન નાખવા બાબતે વાંધા અરજી આપેલ છે. સદર કાર્યવાહી ધોરાજી ગ્રામ્ય પેટાવિભાગ કચેરી દ્વારા શ્રી જયંતીભાઈ ભગવાનજીભાઈ સાવલીયાને વાડોદર મુકામે રેવન્યુ સર્વે નંબર ૧૩૩/૩પૈકી ૪ મા ખેતીવાડી હેતુ નવા કનેકસન માટે કરવામા આવે છે. જેના સર્વે મુજબ હયાત એલ ટી લાઈનમાંથી ૧૧કેવી મા રૂપાંતર કરી ઉપરોક્ત ગ્રાહકને કનેકસન આપવાનુ હોઇ જે લાઈન કામ કરવા સામે અરજદારને વાંધો હોઇ વાંધા અરજી રજુ કરેલ છે. વધુમાં જણાવવાનું કે જો હયાત એલ ટી નેટવર્કમાં શ્રી જયંતીભાઈ ભગવાનજીભાઈ સાવલીયાને વીજ જોડાણ આપવા માટે સર્વે કરતા LTVR ૬.૪૨% આવે છે જે નિર્ધારિત મર્યાદા કરતા વધારે છે. જે ધોરાજી ગ્રામ્ય પેટાવિભાગ કચેરી દ્વારા તારીખ:- ૦૯.૦૭.૨૦૧૮ ના રોજ અરજદારના પ્રતિનિધિ શ્રી હરસુખભાઈ ભુટાભાઈ સાવલીયાને સાથે રાખી સર્વે કરીને સમજુતી કરેલ જે મુજબ તેમના ખેતરમા આવેલ ટોટલ ૫ પોલ માથી ૩ પોલ શેઢે જ ઉભા છે અને આ ૩ પોલ માથી ટીસી ની બાજુમા આવેલ પહેલો પોલ નબળો હોઇ જે પોલ એલ.ટી માથી ઇલેવન કરવા સમયે બદલી આપવામા આવશે. બીજા ૨ પોલ માથી ૧ પોલ તેજ લાઈનમા ૭ થી ૧૦ ફૂટ શેઢે લેવો હોય જે પીજીવીસીએલ દ્વારા જે તે સમયે |

| | |
|---|---|
| | ઇલેવન કેવીમાં લાઈન રૂપાંતર કરતી વખતે શેઢે લઇ આપવામાં આવશે. અન્ય એલ ટી નો એક પોલ કે જે તેમના ખેતરમા ઉભો હોય જો આ પોલ શેઢે લેવા માંગતા હોય તો તે પોલ શેઢે ફેરવવાની અરજદાર દ્વારા અરજી કર્યે, કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ એલ.ટી લાઈન ફેરવવાનું ભાવપત્રક આપી તે ભરપાઈ કર્યાબાદ જ આ પોલ શેઢે લેવામા આવશે. જો અરજદાર ઉપરોક્ત ભાવપત્રક ભરપાઈ કરવામા નિષ્ફળ જશે , તો આ પોલ તેજ સ્થિતિમા રાખી એલ.ટી લાઈનમાથી ઇલેવનમા રૂપાંતર કરી ઉપરોક્ત ગ્રાહકને કનેકસન આપવાની કાર્યવાહી ધોરાજી ગ્રામ્ય પેટાવિભાગ કચેરી દ્વારા હાથ ધરવામા આવશે. |
| <u>૨.૨</u> | ઉપરોકત બાબતે ફોરમ કમિટી માં થયેલ ચર્ચાઓ મુજબ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ઘોરાજી દ્વારા ૨૮–૦૭–૧૮ ના રોજ અરજદાર ના પ્રતિનીધી શ્રી હરસુખભાઈ ભુટાભાઈ સાવલીયાને સાથે રાખી રી –સર્વે કરેલ, તે મુજબ અલગ–અલગ જગ્યાએ થી ત્રણ વિકલ્પ મુજબ – વીજજોડાણ આપી શકાય. જે અન્વયે – ટેકનીકલ સેંકશન ની કુલ રકમ અનુક્રમે – વિકલ્પ –૧ – રૂ.૩,૮૨,૧૯૦/– , વિકલ્પ –૨ – રૂ.૨,૭૭,૮૦૫/– , અને વિકલ્પ –૩ – રૂ.૩,૬૮,૫૭૧/– , થાય છે. સદર બાબત વિકલ્પ –૧ – મુજબ – કામ કરવાથી અરજદાર શ્રીમતી રતનબેન ભુટાભાઈ સાવલીયા એ વાંધો રજુ કરેલ છે. અને વિકલ્પ –૩ – મુજબ – કામ કરવાથી અન્ય ખેડુત ખાતેદારો ને વાંધો હોય, વિકલ્પ –૨ – મુજબ – કામ કરવાથી અન્ય ખેડુતો ને તેમજ અરજદાર ને વાંધો ન હોય, તે મુજબ ની કાર્યવાહી તા.૧૦–૦૮–૧૮ ના રોજ કરવા જતા – અરજદાર ના પ્રતિનીધી દ્વારા સદર કામગીરી કરવા દેવામા આવેલ નહી. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર જણાવે છે કે, શ્રી જયંતીભાઈ ભગવાનજીભાઈ સાવલીયાને વાડોદર મુકામે રેવન્યુ સર્વે નંબર ૧૩૩/૩પૈકી ૪ મા ખેતીવાડી હેતુ નવા કનેકસન માટે કરવામા આવે છે. જેના સર્વે મુજબ હયાત એલ ટી લાઈનમાંથી ૧૧કેવી મા રૂપાંતર કરી ઉપરોક્ત ગ્રાહકને કનેકસન આપવાનુ હોઇ જે લાઈન કામ કરવા સામે અરજદારને વાંધો હોઇ વાંધા અરજી રજુ કરેલ છે સદર બાબતે – ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ઘોરાજી દ્વારા ૨૮–૦૭–૧૮ ના રોજ અરજદાર ના પ્રતિનીધી શ્રી હરસુખભાઈ ભુટાભાઈ સાવલીયાને સાથે રાખી રી –સર્વે કરેલ, તે મુજબ અલગ–અલગ જગ્યાએ થી ત્રણ વિકલ્પ મુજબ – વીજજોડાણ આપી શકાય. જે અન્વયે વિકલ્પ –૨ – મુજબ – કામ કરવાથી અન્ય ખેડુતો ને તેમજ અરજદાર ને વાંધો ન હોય, તે મુજબ ની કાર્યવાહી તા.૧૦–૦૮–૧૮ ના રોજ કરવા જતા – અરજદાર ના પ્રતિનીધી દ્વારા સદર કામગીરી કરવા દેવામા આવેલ નહી, પરંતુ – ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે – અરજદાર ના પ્રતિનીધી દ્વારા ફોરમ કમિટી સમક્ષ વિકલ્પ–૨ મુજબ કેનાલ ની બાજુમાથી વીજલાઈન આપવા માટે ફરીયાદી અરજદાર સહમત હોય – તે મુજબ ની કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સત્વરે – નિયમાધીન રીતે –ફરીયાદી અરજદાર ની જાણકારી હેઠળ પૂર્ણ કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની બન્ને પક્ષકારો ને કાર્યવાહી કરવા અંગે ની જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિધુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.